**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૩૪ ટકા

# શહેરમાં એસબીઆઈનું સર્વર ડાઉન થતાં હાલાકી

## પેન્શનરોને પેન્શન ઉપાડવામાં હાલાકી થઈ : સંપૂર્ણ દિવસ દરમિયાન એસબીઆઈનું સર્વર ડાઉન જ રહ્યું

ગાંધીનગર, તા.૨
શહેરમાં યુવાનો અને મોટાઓ સાથે સિનિયર સિટીઝનની સંખ્યા પણ પ્રમાણમાં છે. તેઓને રિટાયર્ડ થયા બાદ પેન્શન મળે છે અને તેમને હાલ ઓનલાઈન સિસ્ટમ ફાવે નહિ માટે તેઓ દરેક મહિનાના શરૂઆતના દિવસોમાં પેન્શન ઉપાડવા બેંકમાં જતા હોય છે. પેન્શન લગભગ મહિનાની પહેલી-બીજી તારીખે જ જમા થઈ જતું હોય છે એટલે તમામ સિનિયર સિટીઝન આ તારીખની આસપાસ જ બેંકમાં સહી કરીને પેન્શન ઉપાડવા પહોંચી જતા હોય છે. પરંતુ આ વખતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં પેન્શન ઉપાડવા પહોંચતા વૃધ્ધોને પેન્શન મળ્યું મથી અને તેમને ધક્કો પડયો છે. આમ પણ કોરોનાને કારણે વૃધ્ધોને સરકાર દ્વારા બહાર નીકળવાની મનાઈ ફરમાવામાં આવી છે ત્યારે વૃધ્ધોને આમ બેંકના ધક્કા ખાવા ભારે પડી રહ્યા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું સર્વર આજે સતત ડાઉન રહેતા આજે લગભગ સોળ હજાર કે તેથી વધુ પેન્શનરોનું પેન્શન જમા નથી થયું જેને કારણે તમામ પેન્શનરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.
જનરલી પેન્શન દરેક મહિનાની પહેલી-બીજી તારીખે જ જમા થઈ જતું હોય છે એટલે પેન્શનરો બેંક બહાર પેન્શન ઉપાડવા દર વખતની જેમ પહોંચી ગયા હતા અને સર્વર ડાઉન રહેતા થોડીકવાર રાહ પણ જોતા લાંબો સમય સુધી સર્વર ઓપન ન થતા પેન્શનરોએ પેન્શન લીધા વગર જ પાછું જવું પડયું હતું.



શહેરના વિવિધ માર્ગો પર નવા બસ સ્ટેન્ડ થોડાક સમય અગાઉ જ બનાવવામાં આવ્યા છે. નવી ડિઝાઈનના આ બસ સ્ટેન્ડ મુસાફરોને તડકા અને ભારે વરસાદમાં રક્ષણ આપે છે. પરંતુ હાલમાં આ બસ સ્ટેન્ડ રખડતા, ભટકતા અલગારીઓના રહેઠાણ સમા બની ગયા છે. મોટા ભાગના બસ સ્ટેન્ડ પર આવા કોઈને કોઈ વ્યકિતઓ જોવા મળી જાય છે.

# પીકઅપ અવર્સમાં જ વાવોલનું રેલવે ફાટક રીપેરીંગ કરાતાં વાહનચાલકો અકળાયા



વાવોલને ગાંધીનગર સાથે જોડતું રોડ નં.૩ પરનું રેલવે ફાટક આ વિસ્તારના રહીશો માટે માથના દુઃખાવા સમાન બની ગયું છે. આ રેલવે ફાટકનો એક તરફનો પોલ તુટી ગયો હતો જેને મંગળવારે સવારે પીક અવર્સમા જ રીપેરીંગ કરવાનું કાર્ય હાથ ધરાતાં વાહનોની લાંબી કતારો બંને તરફ લાગી જવા પામી હતી અને ઓફિસ-કામ ધંધે જવાના સમયે જ હાથ ધરાયેલા મરામત કાર્યને પગલે વાહનચાલકો અકળાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ રેલવે ફાટક પર ઓવરબ્રીજ બનાવાય તેવી લાંબા સમયથી સ્થાનિક નાગરિકોમાં લોકમાંગ પ્રવર્તી રહી છે.


# કોબાથી કલોલ ઘરે જઈ રહેલા આધેડનું અકસ્માતમાં મૃત્યુ

ગાંધીનગર, તા.૨
કોબા પાસે ફાર્મ હાઉસમાં ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડ કલોલ પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે સાંજના સમયે શેરથા પાસે અચાનક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા સિક્યુરીટી ગાર્ડ નીચે પટકાયા હતા. અકસ્માતને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા અડાલજ સીએચસી ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. પરંતુ ફરજ પરના ડોકટરે તેઓને ચકાસીને મૃત જાહેર કર્યા હતા.
પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ રાજસ્થાનના ઝુંઝનુના પોંખ ગામના અને કલોલ શ્રી એપાર્ટમેન્ટ ખાતે રહેતા મનોરસિંહ સરદારસિંહ રાજપૂત (ઉ.૫૫) કોબા પાસે ફાર્મ હાઉસમાં છેલ્લા અઢી વર્ષથી સિક્યોરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેઓ નોકરી પર આવન-જાવન માટે પોતાની માલિકીના બાઈકનો ઉપયોગ કરતા હતા. સોમવારે સાંજે તેઓ નોકરી પરથી ઘરે પરત જઈ રહ્યા હતા તે સમયે શરેથા ગામના ગરનાળા પાસે હાઈ વે પર અજાણ્યા વાહને બાઈકને અડફેટે લીધી હતી. જેને પગલે સિક્યુરીટી મનોરસિંહ નીચે પડી જતા તેઓને ઈજા પહોંચી હતી. બનાવ અંગે તેમના મોટાભાઈ કૈલાસસિંહને જાણ કરતા તેઓ બનાવ સ્થળે આવી પહોંચ્યા હતા. જયા માર્ગ પર બાઈક અને મનોરસિંહ નીચે પડ્યા હતા. ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા અડાલજ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. પરંતુ ફરજ પરના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતા. અજાણ્યા વાહનની અડફેટે ગંભીર ઈજાને પગલે મનોરસિંહનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હોવાનું ધ્યાને આવ્યું હતું. મૃતકના મોટાભાઈએ અડાલજ પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેશી તમંચા સાથે યુવકને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨
ગાંધીનગર નજીક અમરીત હોટલથી તેરસાપરા તરફ જતા માર્ગ પરથી હાથ બનાવટના દેશી તમંચા સાથે એક શખ્સને એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે રૂ.૨ હજારનો દેશી તમંચો કબ્જે કરી હથીયાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.
પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ જવાનો કલોલ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે હે.કો.અનુપસિંહ અને કોન્સ્ટેબલ અનોપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી અમરીત હોટલ થી તેરસા પરા તરફ જતા માર્ગ પર એક શખ્સ તેની પાસે એક લીલા કલરનો પ્લાસ્ટીકનો કોથળામાં હાથ બનાવટનો લાકડાના હાથાનો દેશી તમંચા જેવું હથીયાર લઈને ઉભો છે. જેથી પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈને તપાસ કરતા એક શખ્સ સુરેશસિંહ ઉર્ફે સુરભા ભીખુભા ઝાલા (ઉં.૨૮ રહેવાસી કટોસણ ધનપુરા પુંજાભાનો માઢ તા.જોટાણા જી.મહેસાણા) મળી આવ્યા હતા. શખ્સના હાથમાં રહેલો કંતાનનો કોથળો ચેક કરતા તેમાંથી દેશી બનાવટનો તમંચો મળી આવ્યો હતો. પોલીસે દેશી તમંચો રાખવા માટે પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે દેશી તમંચાની કિંમત રૂ.૨ હજાર ગણી શખ્સ સામે તેની સામે હથીયાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાઈડર્સ કલબના યુવાનોએ વૃધ્ધાશ્રમના વડીલો સાથે ગણતંત્રની ઉજવણી કરી





સરકાર ભલે રાષ્ટ્રીય પર્વો પોતાની સરકારી રાહે ઉજવે પરંતુ આજની યુવા પેઢી પોતાની દેશભકિત કંઈક અલગ રીતે જ વ્યકત કરવા ટેવાયેલી છે. ગાંધીનગર રાઈડર્સ કલબના યુવાનોએ પ્રજાસત્તાક દિને રોડ સેફટી તથા ટ્રાફિકના નિયમોનું અનુસરણ કરીને 'સીટી રાઈડ'નું આયોજન કર્યું હતું. આ સીટી રાઈડ બાદ રાઈડર્સ કલબના યુવાનોએ મગોડીની શાળામાં જઈને ધ્વજવંદન કર્યું હતું તેમજ મગોડી ખાતેના રાહેલબા વૃધ્ધાશ્રમમાં વડીલોને જમાડવા સમય વીતાવી ગણતંત્રની સામાજિક જવાબદારી સાથે અનોખી ઉજવણી કરવાનો સંદેશ પાઠવ્યો હતો.



ગીતા મેડિકલના માનસિંહભાઈ અને જયેશભાઈ દ્વારા સ્વ. સોમાભાઈ મુળજીભાઈ ચૌધરીને શ્રધ્ધાંજલિ આપવા અર્થે ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભજનની પુસ્તિકા અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારી મંડળીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨
મત્સ્યોગ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી, ગાંધીનગરના હોદ્દેદારોની તાજેતરમાં યોજાયેલી બોઠકમાં પ્રદ્યુમનસિંહ કે. વાઘેલાની પ્રમુખ તરીકે બીન હરીફ વરણી કરવામાં આવી હતી. અન્ય કારોબારી સભ્યોની પણ સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.
કલ્પેશ યુ. પટેલ મંત્રી તરીકે, દિપક પટેલ ઉપપ્રમુખ તરીકે, બી.એમ. મામ્પીલ્લી ખજાનચી તરીકે, વાય.બી. પુવારની સહમંત્રી તરીકે વરણી કરવામાં આવી હતી જયારે પ્રવિણ મોદી, એમ.પી. પરમાર, હાર્દિક આદ્રેજા, શ્રીમતી એન.વી. તબિયાર, શ્રીમતી જી.એન. પટેલ અને આર.એમ. ચાવડાની કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી.



ગુજરાત રાજ્ય યોગા બોર્ડ દ્વારા સેકટર-૨૨ સ્વામીનારાયણ ગુરુકુલ ખાતે યોજાયેલ યોજાયેલ યોગ કોચ શિબિરમાં યોગ કોચ સોનલ મહેતાને યોગ સેવક શીશપાલજી દ્વારા યોગ કોચની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી.

# સ્વ. માણેકલાલ પટેલની જન્મજયંતિએ રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨
'કર ભલા હોગા ભલા' અને 'શિક્ષણ એજ સાચી સેવા'નાં અભિગમ સાથે શિક્ષણ સાથે સામાજીક ઉત્થાનનું કાર્ય કરતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની જન્મ જયંતિ નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસમાં રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આજે યોજાયેલા દસમા રક્તદાન શિબિરમાં કડી કેમ્પસ ખાતે ૨૫૧ અને ગાંધીનગર કેમ્પસ ખાતે ૩૯ થઈ કુલ ૨૯૦ જેટલી રક્ત યુનિટ્સ એકત્રિત કરવામાં આવ્યાં હતાં. કડી ખાતેના રક્તદાતાઓને સંસ્થા દ્વારા સંભારણારૂપી હેલ્મેટની ભેટ આપી તેમના જીવન બચાવવાનું કાર્ય કર્યું છે. રકતદાન દ્વારા એકત્રિત કરેલ રકત બોટલોને રેડક્રોસ અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવી હતી.
અત્રે ઉલ્લેખનીય છે કે સર્વ વિદ્યાલય પરિવાર વર્ષ ૨૦૧૨થી લઈ ૨૦૨૧ સુધીમાં કુલ ૮૫૪૮ જેટલી રકતની બોટલો ૧૦ રક્તદાન શિબિરો દ્વારા એકત્રિત કરવામાં આવી છે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, સંસ્થાના મંત્રીઓ અને પ્રિન્સીપાલો વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા હાજર રહ્યા હતા.






# હિન્દુસ્તાન સ્કાઉટ્સ અને ગાઈડ્સનું નેશનલ સિમ્પોસિયમ યોજાયું

ગાંધીનગર, તા.૧
ગાંધીનગર ખાતે હિન્દુસ્તાન સ્કાઉટ્સ અને ગાઈડ્સ એસોસિએશન ગુજરાત દ્વારા તા.૩૦મી જાન્યુઆરીના રોજ સે.૨૫માં ગેઝિયા હોલમાં નેશનલ લેવલ સિમ્પોસિયમ આયોજિત કરવામાં આવ્યું હતું. ભારત સરકારના ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત યોજવામાં આવેલા સિમ્પોસિયમમાં હિન્દુસ્તાન સ્કાઉટ્સ અને ગાઈડ્સ એસોસિએશનના નેશનલ ચીફ કમિશનર તથા ગુજરાત પોલીસના એડીજીપી અનિલ પ્રથમ મુખ્ય અતિથિપદે તથા એથલેટિક પ્રતિભા હેમા સાગર અને પારુલ યુનિવર્સિટીના ડેપ્યુટી રેજિસ્ટ્રાર ડૉ. પવન દ્વિવેદી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા.
સિમ્પોસિયમમાં વિવિધ સંસ્થાના આશરે ૭૫ જેટલા આગેવાનો અને યુવાન પ્રતિભાઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમમાં ભારતભરમાંથી કેટલાંક પ્રતિનિધિઓ ઓનલાઈન પણ જોડાયા હતા એવું ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ નોડલ ઓફિસર તુષાર રાવલે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન ગાંધીનગર કાઉન્સીલના સદસ્યો દિપક વ્યાસ, રાજન ત્રિવેદી, પાવન વ્યાસ, ચિરાગસિંહ રાઓલ, બિપીનભાઈ પટેલ, હિતાર્થ શ્રોત્રિય અને કુમારસિંહ ગઢવીએ સંભાળ્યું હતું.



# રક્ષાશકિત યુનિવર્સિટીમાં ૫ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨
રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા પોલીસ કર્મચારીઓ માટે ઈન્ટેલિજન્સ ટ્રેડક્રાફટ અને ડિસરપ્ટિવ એકિટવીટીઝમાં તેનો ઉપયોગ વિષય પર પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિશેષ સચિવ વિ.એસ.કે. કૌમુદી ખાસ હાજર રહ્યા હતા. તેમણે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે ફોર વોર્ન્ડ ઈઝ ફોર આર્મડ અને ભારતમાં કાર્યરત વિવિધ ઈન્ટેલિજેન્સ એજન્સી વચ્ચે સંકલન મજબૂત બનાવવાની જરૂર છે. યુનિવર્સિટીના ડીન અને સ્કૂલ ઓફ ઈન્ટરનલ સિકયુરિટી એન્ડ પોલીસ એડમીનના ડાયરેકટર ડૉ. અક્ષત મહેતા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તાલીમ કાર્યક્રમના સંયોજક ડૉ. ડોલી મિશ્રાના જણાવ્યા મુજબ આ કાર્યક્રમમાં આસામ રાઈફલ્સ એન્ડ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના અધિકારીઓ તથા ગુજરાત, તેલંગણા, દિલ્હી, બિહાર, પશ્ચિમ બંગાળ, લેહ-લદાખ, બિહાર, અંદમાન અને નિકોબારના ૬૦ જેટલા પોલીસ જવાનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# આઈઆઈટીઈ દેશમાં શ્રેષ્ઠ શિક્ષકોને 'ચાણક્ય'થી સન્માનિત કરશે

## રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારમાં શ્રેષ્ઠ શિક્ષક તાલીમાર્થીને રૂ. ૨૫ હજાર, શ્રેષ્ઠ શિક્ષક પ્રશિક્ષકને રૂ. ૫૦ હજાર અને શ્રેષ્ઠ શિક્ષક પ્રશિક્ષક સંસ્થાને રૂ.૧ લાખના રોકડ પુરસ્કાર સાથે સ્મૃતિ ચિહ્ન અને પ્રમાણપત્ર એનાયત થશે

ગાંધીનગર, તા.૨
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન – આઈઆઈટીઈ દ્વારા પ્રસ્થાપિત 'ચાણક્ય–એવોર્ડ ફોર ટીચર એજ્યુકેશન' માટેની પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ પુરસ્કાર સમગ્ર દેશમાંથી શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રમાં પોતાનું વિશિષ્ઠ યોગદાન આપનારા શિક્ષક પ્રશિક્ષક, શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન તથા શ્રેષ્ઠ શિક્ષક તાલીમાર્થીને પસંદ કરીને આપવામાં આવશે.
ચાણક્ય પુરસ્કાર માટેની પસંદગી પ્રક્રિયા તા. ૧લી ફેબ્રુઆરીથી શરૂ થઈ ચૂકી છે. આ પુરસ્કારો માટે અરજી તથા નામ સૂચન કરવાની અંતિમ તારીખ ૧૫ માર્ચ રાખવામાં આવી છે.
ઉલ્લેખનીય છે કે શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર સંસ્થાઓ, શિક્ષક પ્રશિક્ષકો તથા શિક્ષક તાલીમાર્થીઓને સન્માનવા માટેનો આ પુરસ્કાર આઈઆઈટીઈના દસમા સ્થાપના દિન તા.૩૦મી જૂન, ૨૦૨૦ના રોજ આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ દ્વારા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં જાહેર કરવામાં આવેલા પાંચ સંકલ્પોમાંથી એક છે. ચાણક્ય પુરસ્કાર વિશે વાત કરતા કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના સૂચનોને અનુસરીને ચાણક્ય પુરસ્કાર પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર શિક્ષક પ્રશિક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનારા શિક્ષક પ્રશિક્ષકો અને શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની એક પહેલ છે. શિક્ષક પ્રશિક્ષણ એવી વ્યવસ્થા છે, જેના માધ્યમથી તૈયાર થયેલાં શ્રેષ્ઠ શિક્ષકોને સમાજ સન્માને છે, પરંતુ એ શ્રેષ્ઠ શિક્ષકોને ઘડનારા શિક્ષક પ્રશિક્ષકો અને તેમનું યોગદાન હંમેશાં નૈપથ્યમાં જ રહે છે. આથી આ પુરસ્કારના માધ્યમથી અમે શિક્ષક પ્રશિક્ષકોનું મહત્ત્વ, તેમના કાર્યની ગરીમા અને સમાજમાં તેમની ભૂમિકાના પુનઃસ્થાપનનો એક પ્રયાસ કરી રહ્યા છીએ.' તેમણે વધુમાં જણાવ્યું કે, 'આ ઉપરાંત યુવા શિક્ષક તાલીમાર્થીઓ પણ શિક્ષક બનીને શિક્ષક ક્ષેત્રમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપવા માટે પ્રોત્સાહિત થાય તે માટે પણ અમે શ્રેષ્ઠ શિક્ષક તાલીમાર્થીઓ માટે પણ ચાણક્ય પુરસ્કારની એક કેટેગરી રાખી છે.'
ચાણક્ય પુરસ્કાર માટે પસંદગી પામેલાં શ્રેષ્ઠ શિક્ષક તાલીમાર્થીને રૂ. ૨૫ હજાર, શ્રેષ્ઠ શિક્ષક પ્રશિક્ષકને રૂ. ૫૦ હજાર અને શ્રેષ્ઠ શિક્ષક પ્રશિક્ષક સંસ્થાને રૂ. એક લાખના રોકડ પુરસ્કાર ઉપરાંત સ્મૃતિ ચિહ્ન અને પ્રમાણપત્ર એનાયત કરાશે.



કોરોનાની વેકિસન શોધાઈ ગઈ છે અને શહેરમાં હાલ ફ્રન્ટલાઈનના કર્મીઓને કોરોના વેકિસન આપવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગર સિવિલ ડિફેન્સના ચીફ વોર્ડન અંજના નિમાવતે પણ અહીં સૌ પ્રથમ વેકિસન લઈને બીજા વોર્ડનને ઉત્સાહિત કર્યા હતા તથા સર્વે વોર્ડનને રસીકરણ કરાવવા અપીલ કરી હતી.

## જન્મદિને વધામણી



**સુમંતભાઈ મંગળદાસ શાહ**
કવિ-સાહિત્યકાર
કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ
ફોન : ૨૩૨૨૬૫૫૭
મો. ૯૫૧૦૯ ૯૪૮૨૭

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. પરમાર છનાભાઈ મફાભાઈ** ઉ.વ. ૬૫, મુ. પેથાપુર
- **સ્વ. જાદવ અંબાલાલ સોમાભાઈ** ઉ.વ. ૭૯, ડભોડા
- **સ્વ. બિહોલા ગલાબેન પ્રતાપજી** ઉ.વ. ૯૬, પાલજ
- **સ્વ. વાઘેલા કમુબેન તખુજી** ઉ.વ. ૬૫, મુ. દેલવાડ, તા.માણસા
- **સ્વ. ભરવાડ ઉદાભાઈ મોતીભાઈ** ઉ.વ. ૬૫, મુ. ફિરોજપુર
- **સ્વ. પટેલ મંગુબેન ગિરધરભાઈ** ઉ.વ. ૭૦, સેકટર-૩
- **સ્વ. કારિયા દિવ્યા બિપિનચંદ્ર** ઉ.વ. ૬૬, સેકટર-૨૮

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- **સ્વ. ચૌધરી રામાભાઈ પ્રભુદાસ** ઉ.વ. ૭૬, પામોલ, તા.વિજાપુર
- **સ્વ. બ્રહ્મભટ્ટ જગદીશભાઈ વિષ્ણુપ્રસાદ** ઉ.વ. ૬૭, કલોલ